ક્રમાંક: સીએમઇ/૨૦૧૦/૪/પી

ગુજરાત સરકાર
નર્મદા,જ.સં.,પા. પુ. અને કલ્પસર વિભાગ,
બ્લોક નં.૯, સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૬ /03/ ૨૦૧૦

**વિષય:-** નોટીફાઇડ નદી /નાળાં /કેનાલ/ડ્રેઇન વગેરે ને વિવિધ પ્રકારની પાઇપ લાઇન /ઓ.એફ.સી. જેવા કેબલ વગેરેથી ક્રોસ કરવા માટેની અને નહેરની સંપાદિત જમીનમાં નહેરને સમાંતર પસાર કરવાની મંજૂરીની દરખાસ્ત સાથે ચેક-લિસ્ટ રજૂ કરવા બાબત.

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, નોટીફાઇડ નદી /નાળાં /કેનાલ/ડ્રેઇન વગેરે ને વિવિધ પ્રકારની પાઇપ લાઇન /ઓ.એફ.સી. જેવા કેબલ વગેરેથી ક્રોસ કરવા માટે અને નહેરની સંપાદિત જમીનમાં નહેરને સમાંતર પસાર કરવાની મંજૂરીની દરખાસ્ત વિભાગને રજૂ કરવામાં આવે છે તેમાં અલગ અલગ વર્તુળ તરફથી રજૂ થતી વિગતોમાં વિવિધ પ્રકારનીવિસંગતતા જોવા મળે છે. આમ, એક યા બીજા કારણોસર દરખાસ્ત અધૂરી હોવાને કારણે તેવી દરખાસ્તો ઉપર નિર્ણય કરવામાં મુશ્કેલી થાય છે. વધુમાં, આવી દરખાસ્તો ઉપસચિવશ્રી (જળસંપત્તિ)/પી-શાખાને મોકલવાને બદલે જે તે વર્તુળ દ્વારા પ્રોજેક્ટ શાખા અથવા સંબધિત મુખ્ય ઇજનેરશ્રીને બારોબાર મોકલવામાં આવે છે જેને કારણે પણ વિલંબ થાય છે અને બિડાણના દસ્તાવેજો પણ અધૂરા મળે છે.

આથી વિવિધ પ્રકારની પાઇપ લાઇન /ઓ.એફ.સી. જેવા કેબલ વગેરેથી નોટીફાઇડ નદી /નાળાં /કેનાલ/ડ્રેઇન વગેરે ને ક્રોસ કરવા માટેની તેમજ નહેરની સંપાદિત જમીનમાં નહેરને સમાંતર પસાર કરવાની મંજૂરીની દરખાસ્ત પરત્વે નિર્ણય કરવામાં સરળતા રહે અને એકરૂપતા જળવાય તે સારૂ આવી તમામ દરખાસ્ત સંબંધિત અધીક્ષક ઇજનેરશ્રી કક્ષાએ ચકાસણી કરીને, આ સાથે સામેલ ચેકલીસ્ટ પ્રમાણીત કરીને, તે ચેકલિસ્ટ સહિત ઉપસચિવશ્રી (જળસંપત્તિ)/પી-શાખાને સંબોધીને મોકલવા વિનંતી છે.

(વી.એન.પટેલ)
ઉપસચિવ(જળસંપત્તિ)
નર્મદા, જ.સં.,પા.પુ.અને કલ્પસર વિભાગ

બિડાણ : ચેકલીસ્ટ

**પ્રતિ,**

અધીક્ષક ઈજનેરશ્રી,

| | | | |
|---|---|---|---|
| ૧. | સુરત સિંચાઈ વર્તુળ, સુરત | ૧૫ | ભાવનગર સિંચાઇ વર્તુળ, ભાવનગર |
| ૨. | ઉકાઇ (સી) વર્તુળ, ઉકાઇ | ૧૬ | રાજકોટ સિંચાઇ યોજના વર્તુળ, રાજકોટ |
| ૩. | દમણગંગા યોજના વર્તુળ, વલસાડ | ૧૭ | ભાવનગર સિંચાઇ યોજના વર્તુળ, ભાવનગર |
| ૪. | કરજણ નહેર વર્તુળ, રાજપીપળા | ૧૮ | ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, રાજકોટ |
| ૫. | મહી સિંચાઇ વર્તુળ, નડીયાદ | ૧૯ | સરદાર પટેલ સહભાગી સિંચાઈ વર્તુળ, |
| ૬. | વડોદરા સિંચાઇ વર્તુળ, વડોદરા | ૨૦ | કચ્છ સિંચાઇ વર્તુળ, ભુજ |
| ૭. | પાનમ સિંચાઈ વર્તુળ, ગોધરા | ૨૧. | રાજકોટ પંચાયત સિંચાઈ વર્તુળ, રાજકોટ |
| ૮ | કડાણા નહેર વર્તુળ, દિવડા કોલોની | ૨૨. | વડોદરા પંચાયત સિંચાઇ વર્તુળ, વડોદરા |
| ૯ | હિંમતનગર સિંચાઇ યોજના વર્તુળ, હિંમતનગર | ૨૩. | ગાંધીનગર પંચાયત સિંચાઇ વર્તુળ, ગાંધીનગર |
| ૧૦. | અમદાવાદ સિંચાઇ યોજના વર્તુળ, અમદાવાદ | ૨૪ | મધ્યસ્થ આલેખનતંત્ર,ગાંધીનગર |
| ૧૧. | પાલનપુર સિંચાઇ યોજના વર્તુળ, પાલનપુર | ૨૫ | મધ્યસ્થ આલેખનતંત્ર,[હાઈડ્રોલોજી] |
| ૧૨. | સુજલામ સુફલામ વર્તુળ-૨, મહેસાણા | ૨૬ | લઘુસિંચાઈ યોજના વર્તુળ, ગાંધીનગર |
| ૧૩ | સુજલામ સુફલામ વર્તુળ-૧, ગાંધીનગર | ૨૭ | સ્ટેટ વોટર ડેટા સેન્ટર ગાંધીનગર |
| ૧૪ | રાજકોટ સિંચાઇ વર્તુળ, રાજકોટ | ૨૮ | નાયબ નિયામકશ્રી;[અ.ઈ.શ્રી],વાલ્મી,આણંદ |

<u>નકલ રવાના જાણ અર્થે:</u>

- સર્વે સચિવશ્રીઓ, નર્મદા,જ.સં.,પા. પુ. અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મુખ્ય ઇજનેર અને અધિક સચિવ શ્રીઓ, નર્મદા,જ.સં.,પા. પુ. અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(જળસંપત્તિ ), બ્લોક નં.૯, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે પ્રોજેક્ટ શાખાઓ, નર્મદા,જ.સં.,પા. પુ. અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય માહિતી અધિકારીશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ( આ પરિપત્ર આ વિભાગની વેબસાઇટમાં મૂકવા સારૂ)

નર્મદા, જ.સં.,પા.પુ. અને ક. વિભાગના તા.૧૬/૦૩/૨૦૧૦ના પત્ર ક્રમાંક: સીએમઇ/૨૦૧૦/૪/પી નું બિડાણ

**નોટીફાઇડ નદી /નાળાં /કેનાલ/ડ્રેઇન વગેરે ને વિવિધ પ્રકારની પાઇપ લાઇન /ઓ.એફ.સી. જેવા કેબલ વગેરેથી ક્રોસ કરવા માટેની અને નહેરને સમાંતર નહેરની સંપાદિત જમીનમાં પસાર કરવાની દરખાસ્ત સાથે રજૂ કરવાનું**

**ચેક-લિસ્ટ**

| દરખાસ્ત કરનાર અધીક્ષક ઇજનેરશ્રી દ્વારા પ્રમાણિત કરવાની વિગતો : | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | પૂર્તતા | પૃષ્ઠ નંબર |
| ૧ | ક્રોસિંગની મંજૂરી માંગનાર સંસ્થા/ કંપનીનું નામ | | |
| ૨ | ક્રોસિંગની મંજૂરી માંગનાર સંસ્થા/ કંપનીનું કાયદેસર અસ્તિત્વ છે? | | |
| ૩ | કુલ કેટલી નદી /નાળાં /કેનાલ/ડ્રેઇન વગેરેની મંજૂરી માંગવામાં આવેલ છે. | | |
| ૪ | ઉક્ત પૈકીની તમામ નદી / ડ્રેઇન આ વિભાગ દ્વારા નોટીફાય થયેલ છે? | | |
| ૫ | ઉપર ક્રમ(૩) સામે દર્શાવેલ દરેક નાળાં /કેનાલ વગેરે દરેક ક્રોસિંગ આ વિભાગના કાર્યક્ષેત્ર હસ્તક આવે છે? | | |
| ૬ | કેટલા ક્રોસિંગ સમાંતર પાઇપ લાઇનથી નાખવાના છે અને તે સમાંતર પાઇપ લાઇનની નહેરવાર પસાર કરવાની લંબાઇની વિગતો સામેલ છે? | | |
| ૭ | કેટલા ક્રોસિંગ નદી /નાળાં /કેનાલ/ડ્રેઇન વગેરે ને ઓળંગે છે? | | |
| ૮ | કંપની/સંસ્થાનો ક્રોસિંગની પરવાનગીની દરખાસ્ત કરતો પત્ર સામેલ છે? | | |
| ૯ | દરેક ક્રોસિંગ વાર લેવાના થનાર નાણાંની વિગતો દર્શાવતું પત્રક સામેલ છે? | | |
| ૧૦ | દરેક ક્રોસિંગ વાર વિભાગના કયા-કયા પરિપત્રને આધારે મંજૂરી આપવાની છે તે બાબત ચકાસેલ છે? | | |
| ૧૧ | સંબંધિત કાર્યપાલક ઇજનેર/નાયબ કાર્યપાલક ઇજનેર દ્વારા સમગ્ર રૂટ ચેક કરવામાં આવેલ છે? | | |
| ૧૨ | અધીક્ષક ઇજનેરશ્રીએ સંપૂર્ણ દરખાસ્ત ચકાસેલ છે? | | |
| ૧૩ | દરખાસ્ત અન્વયે કરવાની કામગીરી અંગે કંપનીએ/સંસ્થાએ સરકાર સાથે કરારનામું કરવાનું રહેશે તે અંગે બાંહેધરી મેળવેલ છે? | | |
| ૧૪ | અધીક્ષક ઇજનેરશ્રીની ભલામણ છે? | | |

P.T.O

| પરવાનગી માંગનાર સંસ્થા/ કંપની દ્વારા પ્રમાણિત કરવાની વિગતો : | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | પૂર્તતા | પૃષ્ઠ નંબર |
| ૧ | ક્રોસિંગની મંજૂરી માંગનાર સંસ્થા/ કંપનીના અસ્તિત્વની કાયદેસરતા | | |
| ૨ | "સરકાર દ્વારા નક્કી થયેલ અને વખતોવખત નક્કી થનાર તમામ પ્રકારના દરો ભરવા કંપની /સંસ્થા તૈયાર છે" તે બાબતનું કંપનીનું બાંહેધરી પત્ર સામેલ છે? | | |
| 3 | "સરકાર દ્વારા નક્કી થયેલ અને વખતોવખત નક્કી થનાર તમામ પ્રકારની શરતોનું પાલન કરવા કંપની /સંસ્થા તૈયાર છે" તે બાબતનો કંપની /સંસ્થાનો બાહેંધરીનો પત્ર સામેલ છે? | | |
| ૪ | "જેટલી નદી /નાળાં /કેનાલ/ડ્રેઇન વગેરેને ક્રોસ કરવાની મંજૂરી માંગવામાં આવેલ છે તેના સિવાય દરખાસ્તના રૂટ ઉપર હવે વધારે ક્રોસિંગની પરવાનગી માંગવાની રહેતી નથી , રૂટ બદલવાનો રહેતો નથી અને તે રૂટ આખરી છે" તે મુજબનું કંપની/સંસ્થાનું પ્રમાણપત્ર સામેલ કરેલ છે? | | |
| ૫ | સમગ્ર રૂટની પથરેખાનો નકશો પ્રમાણભૂત સામેલ છે? | | |
| ૬ | આ નકશામાં દરેક ક્રોસિંગના સ્થળ સ્પષ્ટ રીતે દર્શાવેલ છે? | | |
| ૭ | પાઇપ લાઇન અને/અથવા કેબલને દરેક ક્રોસિંગના સ્થળે કેટલી ઊંડાઈએ પસાર કરવાની છે તેની સ્પષ્ટ વિગતો સામેલ કરેલ છે? | | |
| ૮ | દરખાસ્ત અન્વયે કરવાની કામગીરી અંગે કંપનીએ/સંસ્થાએ સરકાર સાથે કરારનામું કરવાનું રહેશે તે અંગે બાંહેધરી આપેલ છે? | | |

( નામ અને સહિ )
અધીક્ષક ઇજનેર
_____વર્તુળ